■ પાયાની સુવિધાઓમાં આત્મનિર્ભરતા: ગામના ખૂણે-ખૂણે પહોંચ્યો વિકાસનો પ્રકાશ
■ કુંકણા, વારલી અને આદિમ જૂથનો મુખ્ય વસવાટ
■ ચોખાના રોટલા પ્રિય ખોરાક, ડાંગરની ખેતી પર ટકેલી અતૂટ ગ્રામીણ અર્થવ્યવસ્થા

આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!
આસપાસ ચોપાસ
ગુજરાતમિત્ર
મંગળવાર ૨૧ એપ્રિલ, ૨૦૨૬

# આદર્શ ગામનો ઉદય અને પ્રગતિનું પર્યાય એટલે વાંસદાનું ચોંઢા




વાંસદા તાલુકામાં આદર્શ ગામ તરીકે ઓળખાતું ગામ એટલે ચોંઢા. આગામના સરપંચ વેલજીભાઈ અને ગ્રામ પંચાયતના દરેક સભ્યોના પ્રયત્નથી ગામના વિકાસમાં સતત વધારો થઈ રહ્યો છે. જેમાં ગામમાં પીવાના શુધ્ધ પાણી, પાકા ડામર રસ્તા, નાળાં વગેરે જરૂરિયાત મુજબ થઇ રહ્યા છે. તેમજ ગામના મુખ્ય રસ્તા ઉપર સ્ટ્રીટ લાઈટની પણ વ્યવસ્થા કરવામાં આવી છે અને સરકારની મનરેગા યોજના હેઠળ તળાવ ઊંડા કરવાનાંકામો, જમીન સમતલ તેમજ નાણાપંચની યોજના થકી વિવિધ વિકાસનાં કામો થઇ રહ્યાં છે.

ચોંઢા ગામના પ્રવેશદ્વાર પાસે આકર્ષક મોટા પથ્થરો દ્વારા ગામનાં દરેક સ્થળોનું સુંદર લખાણ જોવા મળી રહે છે. જેથી બહારથી આવતી અજાણી વ્યક્તિઓએ કોઇપણ સ્થળે જવા માટે કોઈને પૂછવું પડતું નથી. ગ્રામ પંચાયત ચોંઢા અને રિદ્ધિ-સિદ્ધિ આદર્શ વિકાસ મંડળના સહયોગથી આજે વાંસદા તાલુકાનું છેવાડાનું ચોંઢા ગામ ખૂબ જ પ્રગતિશીલ બન્યું છે, જેની તાલુકા અને જિલ્લા લેવલે પણ નોંધ લેવાઈ છે. તેમજ આવનાર દિવસોમાં ચોંઢા ગામ ખૂબજ પ્રગતિ કરી ગામનું નામ રોશન કરશે એમ ગામના સરપંચે અભિલાષા વ્યક્ત કરી છે. ચોંઢા ગામમાં મુખ્યત્વે કુંકણા, વારલી, તેમજ આદિમ જૂથના લોકો વસે છે અને તુવેર, ડાંગર, અળદ, જુવાર, શેરડી વગેરે પાકોની ખેતી કરતા હોય છે, અહીંના લોકો ખોરાકમાં ચોખાના રોટલાનો વધુ પ્રમાણમાં ઉપયોગ કરતા હોવાથી તેઓ મુખ્ય પાક તરીકે ડાંગરની ખેતીજ કરતા હોય છે. અને આ ડાંગરમાંથી ઉપજતું અનાજ તેઓ ઘરોના કોઠારમાં ભરી પૂરા વર્ષ દરમિયાન તેનો ઉપયોગ કરે છે.

## ચોંઢા ગામની અનોખી પહેલ: રિદ્ધિ સિદ્ધિ આદર્શ ગ્રામ વિકાસ મંડળ ચોંઢા

ચોંઢા ગામમાં રિદ્ધિ સિદ્ધિ આદર્શ ગામ વિકાસ મંડળ ચોંઢા તરીકે એક અનોખા મંડળની રચના કરવામાં આવી છે, જે છેલ્લાં ચાર વર્ષથી આ મંડળ ચોંઢા ગામ સહિત આજુબાજુનાં ગામનો વિકાસ થાય તે માટે સતત કાર્યરત રહી છે. જેમાં આદર્શ ગામના પ્રણેતા પ્રકાશભાઈ નાયકે ગામને આદર્શ બનાવવા માટે સતત પ્રેરણા અને સહકાર આપ્યો છે, અહીં મંડળમાં ૧૧ જેટલી કમિટીઓ બનાવવામાં આવી છે, જેમાં દરેક વિભાગમાં સ્વચ્છતા સમિતિ, વનસમિતિ, શિક્ષણ સમિતિ, આરોગ્ય સમિતિ, ન્યાય સમિતિ વગેરે અન્ય સમિતિની રચના કરવામાં આવી છે. ગામમાં નાનાં-મોટાંકામો આ મંડળ દ્વારાજ કરવામાં આવે છે. મંડળ દ્વારા ચાર આંગણવાડી, યુવાધન વિકાસ સંકુલ, તળાવો, ટાવર, માંડવધામનો વિકાસ, કોમ્પ્યુટર લેબ, શિબિરો અને પ્રવાસ વગેરેનું પણ આયોજન કરવામાં આવે છે. તેમજ આવનારાદિવસોમાં આ મંડળ દ્વારા ગ્રામ વિકાસ માટે સરકારની યોજનાઓ, બાયફ સંસ્થાની યોજનાઓ અને અન્ય દાતાઓના સહકારથી તમામ પ્રયત્નો કરવા માટેની તૈયારી દાખવી હતી. રિદ્ધિ સિદ્ધિ આદર્શ ગ્રામ વિકાસમંડળ માટે મંડળના પ્રમુખ મણિલાલ કે. ગાંવિત અને મંત્રી શંકરભાઈ ચૌધરી તેમજ મેનેજિંગ ડિરેક્ટર મહેશભાઈ કાંહડોળીયા)એ ખૂબજ પ્રયત્નો કર્યા છે.

## ડો.મણિભાઈ દેસાઈ નવચેતન માધ્યમિક શાળા



ચોંઢા ખાતે શ્રી નવચેતન માનવ વિકાસ મંદિર સંચાલિત ડો.મણિભાઈ દેસાઈ નવચેતન માધ્યમિક શાળા કાર્યરત છે. આ શાળાની સ્થાપના જૂન-2001માં કરવામાં આવી હતી. શાળાના આચાર્ય તરીકે અશોકભાઈ રાઠોડ અને શાળાના શિક્ષકોના નેજા હેઠળ 6થી 12 ધોરણના કુલ 320 જેટલા વિદ્યાર્થી ખૂબ જ સારું શિક્ષણ મેળવી રહ્યા છે. શાળામાં અંતરિયાળ વિસ્તારના આદિવાસી સમાજનાં બાળકો માટે કન્યા છાત્રાલય અને કુમાર છાત્રાલયની સુવિધા પણ ઉપલબ્ધ છે, શાળામાં 200 જેટલી કન્યા અને 100 જેટલા કુમારને છાત્રાલયમાં વિનામૂલ્ય ખૂબ જ સારું શિક્ષણ મળી રહે છે. શાળામાં આર્ટ્સ, કોમર્સ અને વિજ્ઞાન પ્રવાહ હોવાથી આ વિસ્તારના બાળકોને તેનો બહોળો લાભ મળી રહે છે. અહીં વાંસદા, કપરાડા, ધરમપુર, સાપુતારા, વ્યારા તથા ડાંગનાં અંતરિયાળ ગામડાંના આદિવાસી સમાજના વિદ્યાર્થીઓ માટે રહેવા-જમવા તથા વિવિધ સુવિધાઓ સાથે કુદરતી રળિયામણું કેમ્પસ અને વિશાળ રમતગમત મેદાનનું મેદાન પણ છે. તથા સ્માર્ટ બોર્ડથી સજ્જ ક્લાસ રૂમ, સુસજ્જ અદ્યતન સાયન્સ પ્રયોગશાળા, ઇન્ટરનેટ કનેક્શન વાળી આધુનિક કોમ્પ્યુટર લેબ, વિવિધ પુસ્તકો ધરાવતી લાઈબ્રેરી ઉતમ સુવિધા પૂરી પાડવામાં આવે છે. સાથે ક્રિકેટ, વોલીબોલ, ટેબલ ટેનિસ વગેરે રમતગમતનાં સાધનો, દરેક વિદ્યાર્થીઓને શાળાનો ગણવેશ, પાઠ્યપુસ્તકો, નોટબુક્સ પૂરી પાડવામાં આવે છે.

## શાળાકીય આયોજન

શૈક્ષણિક જાગૃતતા અભિયાન, તાલીમ કાર્યક્રમ, અંગ્રેજી શિક્ષણનો વ્યાય વધારવો, કોમ્પ્યુટર શિક્ષણ, લાઇબ્રેરી, યોગ શિક્ષણ, સંગીત શિક્ષણ, સ્કાઉટ ગાઈડ, એન.સી.સી વગેરે બાબતો પર પૂરતું ધ્યાન આપવામાં આવે છે.

## પ્રકાશભાઈ નાયક (U.S.A)



2016માં ચોંઢા ગામને આદર્શ ગામ બનાવવાની નેમ લેનાર નવસારી જિલ્લાના ઇચ્છાપોર ગામના મૂળ વતની પ્રકાશભાઈ નાયક સાહેબ પોતાના સ્વપ્નને સાકાર કરવા દિન-રાત પ્રયત્નશીલ છે. તે માટે તેમણે ગ્રામજનોના સાથ સહકાર થકી રિદ્ધિ સિદ્ધિ આદર્શ ગામ વિકાસ મંડળની રચના કરી અને ટ્રસ્ટ દ્વારા ગામના યુવાનો અને વડીલો મારફત સતત વિકાસના કામો કરી ગામને હંમેશાં પ્રગતિના પંથે આગળ વધાવ્યો છે. પ્રકાશભાઈએ આજદિન સુધી ચોંઢા ગામ માટે કરોડો રૂપિયાના વિકાસનાં કામો કરાવ્યાં છે. તેમજ કોરોનાના કપરા સમયમાં અમેરિકામાં રહીને પણ વાંસદા તાલુકામાં ખૂબ સારી સેવા આપી જરૂરિયાતમંદ તમામ લોકો માટે ખૂબ જ ઉમદાં કાર્યો કર્યાં છે. ચોંઢા ગામમાં આશરે પાંચ લાખના ખર્ચે ખૂબ જ સુંદર પ્રવેશદ્વાર બનાવવામાં આવ્યો છે. જે ગામની શોભામાં અભિવૃદ્ધિ કરી જાય છે. આજે ચોંઢા ગામ એ એક ‘આદર્શ ગામ’ તરીકે ઓળખાઈ રહ્યું છે. ગામનાં તમામ કુટુંબો માટે હરહંમેશ વહાલ રાખનાર પ્રકાશભાઈએ ગામના વિકાસ માટે આવનારા દિવસોમાં પણ અનેક ઉપયોગી યોજનાઓ સાકાર કરવાની તત્પરતા દાખવી છે.

## સામૂહિક આરોગ્ય કેન્દ્રની સુવિધા

ચોંઢા ગામ ૩૧૪૯ જેટલી વસતી ધરાવતું ગામ છે,જેમાં પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા, ઉચ્ચતર માધ્યમિક શાળા, આશ્રમશાળા, આંગણવાડી, દૂધડેરી, પાકા રસ્તા, પાણીની ટાંકીઓ જેવી અનેક પ્રકારની સુવિધાઓ લોકોને મળી રહી છે, પરંતુ ગામમાં અતિ આવશ્યક એવું સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખૂબજ જૂનું હોવાથી એક નવા પીએચસી સેન્ટરની તાતી જરૂરિયાતો ઊભી થઈ હતી. જેને લઇ સરકાર દ્વારા ગામમાં અદ્યતન સુવિધાયુક્ત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું નિર્માણ કરવામાં આવ્યું છે,જેમાં ચોંઢા ગામમાં રહેતા લોકોને નાની-મોટી બીમારીના સમયે ખૂબ જ સારી સારવાર મળી રહે છે, તેમજ ગામની સગર્ભા બહેનોને પણ અહીં તપાસ કરી ડિલિવરીની પણ સુવિધા મળી રહે છે. જ્યારે આકસ્મિક સમયે દર્દીને વધુ સારવારની જરૂરિયાત જણાતાંવાંસદા કોટેજ હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવે છે. ચોંઢાથી વાંસદા જતો મુખ્ય રોડ ખૂબ જ સારી સુવિધાવાળો બની જતાં લોકો પહેલા કરતા ઓછા સમયમાં વાંસદા હોસ્પિટલ સુધી પહોંચી જાય છે. તેમજ ચોંઢા આરોગ્ય કેન્દ્ર ખાતે દર્દીને એડમિટ કરવાની પણ સુવિધા ઉપલબ્ધ થતા ઘણા ગરીબ પરિવારના લોકોને ગામમાંજ સારી સારવાર મળી રહે છે.




## ગામમાં એલએન્ડટી કંપનીનો સહયોગ

એલએન્ડટી કંપનીના CSR પ્રોજેક્ટ હેઠળ ચોંઢા ગામમાં અત્યાર સુધીમાં ખૂબ જ સુંદર અને પાકા બાંધકામવાળી 4 આંગણવાડી બનાવવામાં આવી છે. જે ચોંઢા ગામની આગવી ઓળખ ઊભી કરે છે. આ આંગણવાડીમાં ગામના 200 જેટલાં બાળકોને ભણાવવાની સાથે પૌષ્ટિક આહાર પણ આપવામાં આવે છે. તેમજ રમતગમતનાં તમામ સાધનોની જરૂરિયાત પણ પૂરી પાડવામાં આવે છે. એલએન્ડટી કંપની દ્વારા અહીંના ખેડૂતો માટે શાકભાજી મંડપ અને જર્જરિત થઈ ગયેલ ચેકડેમો પણ રિપેર કરવામાં ખૂબ જ મદદ કરવામાં આવી છે. તેમજ અહીં છાત્રાલયમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં ધીમે ધીમે વધારો થતાં તેમની રહેવાની સુવિધા માટે હાલ 120 બેડની અદ્યતન સુવિધાવાળા નવા કન્યા છાત્રાલયનું નિર્માણ કરવામાં આવ્યું છે, જેમાં વિદ્યાર્થિનીઓને સારી સુવિધા પૂરી પાડવામાં આવે છે.

## વિનામૂલ્યે જૂનાં કપડાં અને પગરખાં વિતરણ

ચોંઢા ગામમાં ગણદેવી તાલુકા અનાવિલ મંડળ, રિદ્ધિ સિદ્ધિ આદર્શ ગામ વિકાસમંડળ ચોંઢા અને રોટરી ક્લબ ઓફ ગણદેવી તેમજ લાયન્સ ક્લબ ઓફ અમલસાડના સંયુક્ત ઉપક્રમે ગામમાં વિનામૂલ્યે જૂનાં કપડાં અને પગરખાં વિતરણ કરાયું.







સરપંચ
વેલજીભાઈ
લીટીયાભાઈ ગાંવિત



તરુણભાઈ ગાંવિત
તાલુકા પંચાયત
કારોબારી અધ્યક્ષ

## ચોંઢા ગ્રામ પંચાયત બોડી

**સરપંચ :** વેલજીભાઈ લીટીયાભાઈ ગાંવિત
**ડે. સરપંચ :** રમતુભાઈ મનુભાઈ ચવધરી

**સભ્યો :**
**હસમુખભાઈ લલ્લુભાઈ સુરકાર**
**વીણાબેન પંકજભાઈ સાવરા**
**ગીતાબેન લાલજીભાઈ ચવધરી**
**સીતુબેન જીતેન્દ્રભાઈ ભોયા**
**રમીલાબેન ઉમેશભાઈ કુરુબડા**
**દિલીપભાઈ સોમાભાઈ માહલા**
**છનાભાઈ બાજુભાઈ ભોયા**

## ગામવિષયક માહિતી

**ચોંઢા ગામ એ કુલ ૯૫૯ હેક્ટરમાં ફેલાયેલું છે**

**ગામની કુલ વસતી :** ૩૧૪૯
**મહિલા :** ૧૫૮૫
**પુરુષ :** ૧૫૬૫
**ગામના મતદાર :** ૧૯૮૫
**પુરુષ મતદાર :** ૯૭૮ અને સ્ત્રી મતદાર : ૧૦૦૭

## સ્મશાનગૃહ ચોંઢા

ત્રણ હજારથી વધુ વસતી ધરાવતા ચોંઢા ગામમાં મૃત્યુ બાદ અંતિમસંસ્કારની ક્રિયા માટે નીચલા ફળિયા, ઉપલા ફળિયા અને પાતળી ફળિયાં એમ 3 સ્મશાનગૃહની સુવિધા ઉપલબ્ધ છે. આ સ્મશાનગૃહ અલગ અલગ જરૂરિયાત મુજબના વિસ્તારમાં બનાવવામાં આવ્યા હોવાથી અહીંના લોકોને બારેમાસ કોઈપણ સમયે અંતિમસંસ્કાર કરવાની ફરજ ઊભી થતાંપણ લોકોને કોઈજ મુશ્કેલી પડતી નથી.

## પાણીની ટાંકી

ચોંઢા ગામમાં પાણીની સુવિધા માટે પણ વિશેષ આયોજન છે. ૩૧૪૯ જેટલી વસતી ધરાવતા ચોંઢા ગામમાં પાણી પુરવઠા યોજના હેઠળ સરકાર દ્વારા ૬ જેટલી પીવાના પાણીની ટાંકી બનાવવામાં આવી છે, જેના દ્વારા ગામમાં મોટા ભાગના વિસ્તારમાં ગ્રામજનોને પીવાના શુદ્ધ પાણીની સુવિધા પૂરી પાડવામાં આવે છે.